For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**મુખ્યમંત્રીએ વડોદરા પહોંચતા જ સૌથી પહેલા ખંડેરાવ માર્કેટ નજીક આવેલા ઐતિહાસિક ગુરુદ્વારાની મુલાકાત લીધી હતી**

# વડોદરામાં CMએ ગુરુદ્વારા અને વૈષ્ણવ મહોત્સવની મુલાકાત સાથે 957 કરોડના કામોનો પ્રારંભ કરાવ્યો

### ટાટા-એરબસ પ્રોજેક્ટ બાદ હવે વડોદરાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મળશે નવી પાંખો; ક્વોલિટી વર્ક માટે CMની કડક સૂચના

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સંસ્કારી નગરી વડોદરાની મુલાકાત લઈ શહેરને કરોડોના વિકાસકાર્યોની ભેટ આપવાની સાથે સામાજિક અને આધ્યાત્મિક કાર્યક્રમોમાં પણ હાજરી આપી હતી. તેમના આ પ્રવાસના મુખ્ય અંશો અને તબક્કાવાર કાર્યક્રમો નીચે મુજબ રહ્યા હતા. મુખ્યમંત્રીએ વડોદરા પહોંચતા જ સૌથી પહેલા ખંડેરાવ માર્કેટ નજીક આવેલા ઐતિહાસિક ગુરુદ્વારાની મુલાકાત લીધી હતી. અહીં તેમણે શીશ નમાવી આશીર્વાદ મેળવ્યા હતા અને પંજાબી સમાજ સાથે ટૂંકી મુલાકાત કરી હતી. અકોટા સ્થિત સયાજી નગરગૃહ ખાતે આયોજિત મુખ્ય કાર્યક્રમમાં CMએ વડોદરા મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેક્ટ્સનું ડિજિટલ માધ્યમથી લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. મહિલા હોસ્ટેલ: 25 કરોડના ખર્ચે નિર્માણ પામનાર 2 આધુનિક મહિલા હોસ્ટેલનું ખાતમુહૂર્ત કર્યું. ઈન્ફ્રાસ્ટ્રક્ચર: રસ્તા, ડ્રેનેજ, પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટ અને આવાસ યોજનાઓ સહિતના કુલ 957 કરોડના કામોનો પ્રારંભ કરાવ્યો. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ પોતાના આગવા અંદાજમાં વહીવટી તંત્રને ટકોર કરતા જણાવ્યું હતું કે, “તમે ક્વોલિટી વાળું કામ કરો એટલે 5 વર્ષ સુધી શાંતિ રહે.

#### મુખ્ય આકર્ષણો અને વિકાસકાર્યોની વિગતો

■ **કરોડોના વિકાસકાર્યોની ભેટ:** વડોદરા શહેર અને આસપાસના વિસ્તારો માટે કુલ 957 કરોડના ખર્ચે વિવિધ જનહિતલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

■ **મહિલા સશક્તિકરણ (હોસ્ટેલ સુવિધા):** બહારગામથી વડોદરામાં અભ્યાસ માટે આવતી દીકરીઓની સુવિધા માટે 25 કરોડના ખર્ચે બે નવી આધુનિક મહિલા હોસ્ટેલ બનાવવાની જાહેરાત અને ખાતમુહૂર્ત કરાયું.

■ **ગુણવત્તાયુક્ત કામગીરી પર ભાર:** મુખ્યમંત્રીએ સ્પષ્ટ સૂચના આપી કે, “સરકારી કામોમાં ક્વોલિટી જાળવો. જો કામ મજબૂત હશે તો 5 વર્ષ સુધી રિપેરિંગની જરૂર નહીં પડે અને પ્રજાના પૈસાનો સદુપયોગ થશે.”

■ **ધાર્મિક એકતાનું દર્શન:** પ્રવાસની શરૂઆતમાં ખંડેરાવ માર્કેટ પાસે આવેલા ગુરુદ્વારામાં જઈને દર્શન કર્યા અને શીખ સમુદાયના આગેવાનો સાથે મુલાકાત કરી.

■ **વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ:** નવલખી મેદાન ખાતે આયોજિત ‘ગ્લોબલ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ’માં હાજરી આપી અને આધ્યાત્મિક ચેતનાનો સંદેશ આપ્યો.

■ **પાણી અને ગટર વ્યવસ્થા:** વડોદરાના આઉટગ્રોથ વિસ્તારોમાં પાણીની પાઈપલાઈન, ડ્રેનેજ નેટવર્ક અને વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ જેવા પાયાના કામોને પ્રાથમિકતા આપી.

■ **રોડ-રસ્તાનું આધુનિકીકરણ:** શહેરના ટ્રાફિકને હળવો કરવા માટે નવા બ્રિજ અને સીટી એરિયામાં પેવિંગ બ્લોક તથા સીસી રોડના કામોનો પ્રારંભ કરાવ્યો.

■ **આવાસ યોજના:** ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આધુનિક સુવિધાયુક્ત આવાસ યોજનાઓના લોકાર્પણ કરી લાભાર્થીઓને ચાવી એનાયત કરી.

■ **ઔદ્યોગિક ગૌરવ:** સંબોધનમાં વડોદરાના ટાટા-એરબસ પ્રોજેક્ટનો ઉલ્લેખ કરી શહેરને ગ્લોબલ એરોસ્પેસ હબ તરીકે ઓળખાવ્યું.



**26મી ડિસેમ્બરથી 12 જાન્યુઆરી સુધી ગરનાળા તરફ જતા વાહનોની અવર જવર પર પ્રતિબંધ**

# અલકાપુરી ગરનાળું 18 દિવસ બંધ, હજારો વાહનચાલકોને મુશ્કેલી

### હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટને લઇ ગરનાળાના રોડ પર ગડર લોન્ચિંગની કામગીરી કરાશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.26

મુંબઇ અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ સી5 પેકેજની સિવિલ વર્કની કામગીરી એલ એન્ડ ટી દ્વારા કરાઈ રહી છે. ત્યારે હવે કડકડથી અલકાપુરી ગરનાળા તરફના રોડ પર ગડર લોન્ચિંગની કામગીરી કરવામાં આવનારી છે.

ત્યારે અલકાપુરી ગરનાળાની અંદરથી અવરજવર કરતા તમામ પ્રકારના વાહનો માટે 26 ડિસેમ્બરથી 2025 12 જાન્યુઆરી2026 સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ઉપરાતં વાહનચાલકોને અવગડ ના પડે માટે વૈકલ્પિક રૂટની વ્યવસ્થા સાથેનું પોલીસ કમિશનર દ્વારા જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. વડોદરા શહેરમાં એલ એન્ડ ટી દ્વારા મુંબઇ અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેકટ C-5 પેકેજની સિવિલ વર્કની કામગીરી કરવામાં આવી રહી છે.આ કામગીરીને લઈને અવાર નવાર વિસ્તારો પ્રભાવિત થતા હોય છે.

ત્યારે આ વખતે કડકબજારથી અલકાપુરી ગરનાળા તરફના રોડ ઉપર ગડર લોન્ચિંગની કામગીરી કરવામાં આવનારી છે.

જેથી તેને લઈને અલકાપુરી ગરનાળાની અંદરથી અવર-જવર કરતાં તમામ પ્રકારના વાહનોને 26 ડિસેમ્બરથી 2025થી 12 જાન્યુઆરીથી 2026 સુધીના ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવ્યું છે.

ત્યારે આ કામગીરી દરમિયાન શહેરીજનોને અગવડતા ન પડે અને ટ્રાફિક યોગ્ય રીતે ચાલે તેના માટે વૈકલ્પિક ટ્રાફિક વ્યવસ્થા તેમજ વૈકલ્પિકરૂટ સાથેનું જાહેરનામું પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. 26 ડિસેમ્બરથી થી 12 જાન્યુઆરી 2026નું જાહેરનામું કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે. જેથી હવે વાહનચાલકો 18 દિવસ સુધી હાલાકીનો સામનો કરવો પડશે. કડકબજાર નાકાથી અલકાપુરી ગરનાળા થઈ અલકાપુરી રોડ, પ્રોડકટીવીટી નાકા થી અલકાપુરી ગરનાળા થઈ સયાજીગંજ રોડ-સ્ટેશન તરફ જઈ શકાશે નહી.

# જાન્યુઆરીમાં ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થવાની સંભાવના : તાપમાન 13.6 ડીગ્રી

### ઠંડીનો ચમકારો શરૂ થતાં રાત્રિ દરમિયાન તેની આંશિક અસર શહેરી જનજીવન પર વર્તાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 29.8 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 13.6 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 78% અને સાંજે 41% નોંધાયું હતું. વહેલી સવારે અને મોડી સાંજે નગરજનોને ઠંડી જ્યારે બપોરે હજી પણ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

વડોદરા સહિત રાજ્યમાં મિશ્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. જાન્યુઆરીમાં ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થવાની સંભાવના છે. વહેલી સવારે હળવદ જોવા મળી શકે છે. જેથી વિઝિબિલિટીમાં ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી સાત દિવસ વાતાવરણ સૂકું રહેશે. 29 ડિસેમ્બર થી 31 મી ડિસેમ્બરે ડિસ્ટર્બન્સની સંભાવના છે. જેની અસર જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં જોવા મળી શકે છે. ગત વર્ષની તુલના એ આ વખતે ઠંડીનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. ડિસેમ્બર મહિનો પૂર્ણ થવા આવ્યો છતાં જોઈએ એવી ઠંડી શરૂ થઈ નથી. મોટે ભાગે ડિસેમ્બર મહિનામાં વિવિધ શહેરોનું તાપમાન 10 ડિગ્રી થી નીચે પહોંચી જતું હોય છે. જેના બદલે આ વખતે માત્ર એક જ વખત તાપમાન નીચું આવ્યું હતું. ત્યારે, ગુજરાતના સાત જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનનો પારો 14 ડિગ્રીથી નીચે ઉતરતા ઠંડીનો ચમકારો શરૂ થયો છે. ઉલ્લેખનીય છે કે હજુ આગામી જાન્યુઆરી માસમાં ફુલગુલાબી ઠંડીનો સામનો કરવો પડે તેવા હવામાન વિભાગની આગાહી છે જયારે ઉત્તરાયણ પછી તાપમાનમાં ફેરફાર જણો તેવી આશા પણ વ્યક્ત કરાઇ છે.

**વડોદરાવાસીઓ માટે નવું વર્ષ ‘વસમું’ બનશે**

# વડોદરા પાલિકાએ રૂ. 3 કરોડ ન ચૂકવતા 1લી જાન્યુઆરીથી સિટી બસના પૈડાં થંભી જશે

### 500 કર્મચારીઓના પગાર અટકતા સંચાલકોએ આખરે બસ સેવા બંધ કરવાની ચીમકી આપી

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા નવા વર્ષની શરૂઆતમાં વડોદરાવાસીઓ માટે મુશ્કેલીના સંકેત દેખાઈ રહ્યા છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરી બસ સેવા પૂરી પાડતી એજન્સીને 3 કરોડથી વધુની બાકી રકમ ચૂકવવામાં ન આવતા, સંચાલકોએ આગામી 1લી જાન્યુઆરીથી સિટી બસ સેવા સંપૂર્ણપણે બંધ કરવાની ચીમકી આપી છે.



#### મુસાફરો પર કેવી અસર પડશે?

વડોદરામાં દરરોજ અંદાજે 80000 જેટલા મુસાફરો સિટી બસનો ઉપયોગ કરે છે. સવારે 5:40 થી રાત્રે 10:30 સુધી ચાલતી આ સેવા બંધ થવાથી: શાળા-કોલેજ જતા હજારો વિદ્યાર્થીઓને ભારે હાલાકી પડશે. નોકરિયાત વર્ગ અને સામાન્ય જનતાના ખિસ્સા પર ભાર વધશે. છાયાપુરી રેલવે સ્ટેશન માટેની ખાસ રાત્રિ બસ સેવા પણ બંધ થઈ જશે.

વડોદરામાં વર્ષ 2017થી વિનાયક સિટી બસ સર્વિસ કાર્યરત છે. અત્યાર સુધી આ બસ સેવા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ ચાલતી હતી. પરંતુ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ પૂર્ણ થતા હવે બિલની પ્રક્રિયા સીધી કોર્પોરેશન હસ્તક આવી છે. સિટી બસ સેવાના મેનેજર નરેન્દ્રસિંહ રાણાના જણાવ્યા અનુસાર, પાલિકાએ છેલ્લા બે મહિનાથી બિલની ચૂકવણી કરી નથી. નવેમ્બર મહિનાનું બિલ છેલ્લા ૨૫ દિવસથી મંજૂરી માટે કમિશનર પાસે પડતર છે. સંચાલકોએ આક્ષેપ કર્યો છે કે બિલ ન મળવાને કારણે ડ્રાઈવર, કંડક્ટર અને અન્ય સ્ટાફ સહિત લગભગ 500 જેટલા કર્મચારીઓના પગાર કરવામાં મુશ્કેલી પડી રહી છે. આ ઉપરાંત ઈંધણ અને બસોની જાળવણી માટે પણ નાણાની ભારે તંગી સર્જાઈ છે. જો 31 ડિસેમ્બર સુધીમાં બાકી રકમ અંગે કોઈ ખાતરી કે ચૂકવણી નહીં મળે, તો પહેલી જાન્યુઆરીથી શહેરના રસ્તાઓ પર બસો દોડતી બંધ થઈ જશે. સંચાલકોએ પાલિકાને લીગલ નોટિસ પાઠવીને સ્પષ્ટ કર્યું છે કે જો યોગ્ય ઉકેલ નહીં આવે તો તેઓ નાછૂટકે આ સેવા બંધ કરશે, જેના માટે સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.

**ક્રાઇમ બ્રાન્ચે અજબડી મિલ પાસેથી બંનેને દબોચ્યા**

# મકરપુરા ડેપોની સામે કંપનીમાંથી ચોરી કરનાર બે ચોર ઝડપાયાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

મકરપુરા ડેપોની સામે આવેલી કંપનીમાંથી રૂ. 1.87 લાખના કેબલ, સ્કેનર તથા ડ્રીલ મશીન સહિતની ચોરી કરનાર બે આરોપીને ક્રિમ બ્રાન્ચે અજબડી મીલ પાસેથી ઝડપી પાડ્યાં હતા. વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી જીઆઈડીસીની વિવિધ કંપનીઓના તસ્કરો નિશાન બનાવી રહ્ય છે અને છેલ્લા આઠવાડિયામાં વિવિધકંપનીમાંથી લાખોની મતાની ચોરી પણ થઈ છે. ત્યારે પેટ્રોલિંગમાં ફરી રહેલી ક્રાઈમ બ્રાન્ચની ટીમને મળેલી બાતમીના આધારે અજબડી મિલ ત્રણ રસ્તા ઠેક્કરનાથ સ્મશાન પાસેથી બાઈક પર શંકાસ્પદ કેબલ લઈને બે શખ્સનો પકડી પૂછપરછ કરી હતી ત્યારે તેઓ મકરપુરા ડેપોની સામે આવેલી કંપનીની બારી તોડી તેમાંથી



કેબલ, ડ્રીલ મશીન તથા સ્કેનર સહિત રૂપિયા 1.87 લાખના મુદ્દામાલની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચે પંકેશ દિતા ડામોર તથા રાહુલ ભુરસિંગ ગુર્જર પાસેથી કેબલ, મોબાઈલ અને બાઈક સહિત રૂપિયા 65 હજારનો મુદ્દામાલ રિકવર કર્યો હતો. આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી માંજલપુર પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યાં છે.

## વાસણા ભાયલી રોડ પર પતંગની ધારદાર દોરીમાં ફસાયેલા પક્ષીનો ફાયર વિભાગના જવાનોએ જીવ બચાવ્યો



■ઉત્સવ પ્રિય નગરીમાં આગામી ઉત્તરાયણ પર્વનું કાઉન્ટડાઉન શરૂ ગઈ થયું ગયું છે. જેની સાથે પતંગની ઘાતક દોરીથી પક્ષીઓ ઘાયલ થતા હોવાનો દોર પણ શરૂ થઈ ગયો છે. ત્યારે, વાસણા ભાયલી રોડ ઉપર પતંગની ઘાતક દોરીમાં ફસાયેલા એક પક્ષીનો ફાયર બ્રિગેડના જવાનો દ્વારા જીવ બચાવી લેવામાં આવ્યો હતો. ઉતરાયણ પર્વ પૂર્વે પર્વના ઉમંગમાં પક્ષીઓનો આક્રંદ સામે આવ્યો છે રજાઓના માહોલમાં પણ પતંગની ધારદાર દોરીમાં એક કબુતર ફસાઈ ગયું હતું. પક્ષીને બચાવવા માટે વાસણા ફાયર સ્ટેશનની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી અને પક્ષીનો જીવ બચાવી લેવામાં આવ્યો હતો. ટીમે ફરી એકવાર સાબિત કર્યું હતું કે દરેક જીવ કીમતી છે. જ્યારે આપણે તહેવારની મોજમાં હોઈએ છીએ. ત્યારે, આકાશમાં વિહરતા પક્ષીઓ માટે આ દોરી ફાંસીનો ફંદો સાબિત થાય છે. નિર્દોષ પક્ષીઓ ઝાડ કે ઈલેક્ટ્રીક લાઈનોમાં ફસાયેલી દોરીમાં અટવાઈ જાય છે અને તડપી તડપીને જીવ ગુમાવે છે. વાસણા ફાયર સ્ટેશનની ટીમે ઊંચાઈ પર ફસાયેલા પક્ષીને સુરક્ષિત રીતે નીચે ઉતારીને તેને નવજીવન અપાવ્યું છે. જો નાગરિકો સમયસર ફાયર બ્રિગેડ કે એનિમલ હેલ્પલાઇનને જાણ કરે તો આવા અનેક જીવ બચાવી શકાય છે. વાસણા ફાયર વિભાગની આ કામગીરી વડોદરાના અન્ય નાગરિકો માટે પણ પ્રેરણા સ્ત્રોત બની હતી.

**વડોદરાની જનતાને હવાઇ મુસાફરી માટે રાહતના સમાચાર**

# ઈન્ડિગો એરલાઈન્સ વડોદરાથી નવી મુંબઈ માટે નવી ફ્લાઈટ શરૂ કરશે

### શુક્રવારે વડોદરાથી નવી મુંબઈ માટે નવી ફ્લાઇટ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

દેશભરમાં ઈન્ડિગોની કટોકટી સર્જાયા બાદ એરલાઈન્સ દ્વારા શુક્રવારે નવી જાહેરાત કરવામાં આવી છે. વડોદરા થી નવી મુંબઈ માટે નવી ફ્લાઈટ શરૂ કરાશે. આ ફ્લાઈટ આગામી 30 ડિસેમ્બર થી શરૂ થવાની છે અને અઠવાડિયામાં પાંચ દિવસ કાર્યરત રહેશે.

દેશભરમાં ઈન્ડિગો એરલાઈન્સમાં પાયલોટ અને ક્રૂમેમ્બર્સની કટોકટી સર્જાયા બાદ સંખ્યાબંધ ફ્લાઈટ કેન્સલ થઈ હતી, તો કેટલીક મોડી પડી હતી. જેના કારણે મુસાફરો રોષે ભરાયા હતા. દરરોજ દેશભરના વિવિધ એરપોર્ટ પર મુસાફરો હોબાળો મચાવીને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. ત્યારે, એર ઈન્ડિયા દ્વારા પણ મુસાફરો માટે ખાસ રૂટની ફ્લાઈટ શરૂ કરવામાં આવી હતી, તેવામાં હવે ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા શુક્રવારે વડોદરાથી નવી મુંબઈ માટે નવી ફ્લાઈટ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં પ્રસ્થાન નવી મુંબઈ 15:00, આગમન વડોદરા 16:05, પ્રસ્થાન વડોદરા 16:40 આગમન નવી મુંબઈ - 17:45 કલાકે થશે. આ નવી ફ્લાઈટ 30 ડિસેમ્બરથી શરૂ થવાની છે અને અઠવાડિયામાં સોમવાર અને ગુરુવાર સિવાય કાર્યરત રહેશે.

**વારસિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાના કામમાં પણ ભ્રષ્ટાચાર**

# વારસિયાના પીઆઈનાં નામે અઢી લાખની લાંચ માગનાર ઝડપાયો

### ચોખંડી ખાતે દુકાનમાં લાંચ સ્વીકારતા રંગે હાથ ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

એ.સી.બી. અમદાવાદ એકમ દ્વારા કરાયેલી સફળ ટ્રેપમાં સુરેશભાઈ રામચંદ તોલાણી (રહે. બી/૪૦, ગોકુલનગર સિદ્ધિ સોસાયટી, મકરપુરા રોડ, વડોદરા) નામના પ્રજાજનને રૂ. ૨,૫૦,૦૦૦/-ની લાંચ સ્વીકારતા રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા છે. ફરિયાદી એક જાગૃત નાગરિક છે.ટ્રેપની કાર્યવાહી તા. ૨૫/૧૨/૨૦૨૫ના રોજ ચોખંડી, વડોદરા ખાતે આવેલી “અનુભવ એન્ટરપ્રાઈઝ” નામની દુકાનમાં કરવામાં આવી હતી. ફરિયાદ મુજબ વારસિયા વિસ્તારમાં



સર્વે નંબર ૩૨૯ની જમીન પર અજાણ્યા બિલ્ડર દ્વારા ગેરકાયદેસર બાંધકામ થતું હોવાથી વારસિયા પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી હતી. આ અરજી આધારે ફરિયાદ નોંધાવવા બદલ આક્ષેપિત દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટરના નામે કુલ રૂ. ૫,૦૦,૦૦૦/-ની લાંચની માંગણી કરવામાં આવી હતી, જેમાં ફરિયાદ પહેલાં રૂ. ૨,૫૦,૦૦૦/- અને બાદમાં બાકી રૂ. ૨,૫૦,૦૦૦/- આપવાની શરત મૂકાઈ હતી. લાંચની હેતુલક્ષી વાતચીત બાદ આક્ષેપિતે રૂ. ૨,૫૦,૦૦૦/- સ્વીકારતાં એ.સી.બી. ટીમે તેમને રંગે હાથ ઝડપી લીધા હતા અને રકમ જપ્ત કરી હતી.

#### વારસીયાના પોલીસ ઇન્સ્પેક્ટર વસાવાની સંડોવણીની તપાસ શરૂ

સુરેશ તોલાણીએ વારસીયા પોલીસ સ્ટેશનના પીઆઇ એસ એમ વસાવાના નામે લાંચના રૂપિયા 2.50 લાખ લીધા હતા. જેથી હવે આ ગુનામાં વારસીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર વસાવાની સંડોવણી છે કે તેની તપાસ એસીબીએ શરૂ કરી છે.


**વડોદરામાં ‘હિટ એન્ડ રન’નો આતંક યથાવત રહેતા સલામતીની સામે સવાલો ઉઠ્યા**

# દિવાળીપુરામાં કાળમુખા અજાણ્યા વાહને વધુ એક નિર્દોષ યુવકનો જીવ લીધો

### પોલીસ સીસીટીવીના આધારે ફરાર નરાધમ ચાલકની શોધમાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

દિવાળીપુરામાં મોડી રાત્રે સર્જાયો ભયાનક અકસ્માત; વડોદરા સંસ્કારી નગરી વડોદરામાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન અને બેફામ ગતિએ દોડતા વાહનો હવે નિર્દોષ નાગરિકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા દિવાળીપુરા કોર્ટ રોડ પર મોડી રાત્રે એક ગમખ્વાર હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં એક અજાણ્યા વાહને મોપેડ સવાર યુવકને જોરદાર ટક્કર



મારતા તેનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે મૃતક યુવકના પરિવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરેશભાઈ ચૌધરી નામનો આશાસ્પદ યુવક ગત મોડી રાત્રે પોતાના કામ અર્થે મોપેડ લઈને દિવાળીપુરા કોર્ટ રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન માર્ગ પર પૂરપાટ ઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહને સુરેશભાઈના મોપેડને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર વાગતા જ સુરેશભાઈ હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયા હતા, જેના કારણે તેમને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાયા બાદ અજાણ્યો વાહન ચાલક ઈજાગ્રસ્ત યુવકની મદદ કરવાને બદલે અંધારાનો લાભ ઉઠાવી પોતાના વાહન સાથે ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. અકસ્માતનો અવાજ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં પડેલા સુરેશભાઈને જોઈ તુરંત 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. સ્થાનિક લોકોની મદદથી ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જોકે, ગંભીર ઈજાઓને કારણે સુરેશભાઈની હાલત અત્યંત નાજુક હતી અને હોસ્પિટલ પહોંચતા પૂર્વે રસ્તામાં જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.


**રાયકાથી એરપોર્ટ સર્કલ સુધી 107 કરોડની નવી લાઈન; વડસર-મકરપુરામાં પાણીની નવી ટાંકીઓ બનશે**

# વડોદરાના વિકાસ માટે ‘સ્ટેન્ડિંગ’ની ઐતિહાસિક લહાણી: 320 કરોડના 31 કામોને લીલી ઝંડી

### વિશ્વામિત્રીને પ્રદૂષણ મુક્ત કરવા ડ્રેનેજ પ્રોજેક્ટ્સની ગતિ વધી

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે શુક્રવારે સ્થાયી સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી, જેને સમિતિના અધ્યક્ષ ડો. શીતલ મિસ્ત્રીએ ‘ઐતિહાસિક’ ગણાવી છે. આ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ માટે કુલ 31 દરખાસ્તોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. અંદાજે 320 કરોડ રૂપિયાના ખર્ચે થનારા આ કામોથી શહેરની લાખોની વસ્તીને સીધો ફાયદો થશે. શહેરના પશ્ચિમ અને દક્ષિણ ઝોનના રહીશો માટે આનંદના સમાચાર છે. અકોટા વિસ્તારમાં 12.37 કરોડના ખર્ચે અને માંજલપુર સ્મશાનની સામે 12.30 કરોડના ખર્ચે એમ બે નવા આધુનિક સ્વિમિંગ પૂલ બનાવવાની મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત, પૂર્વ ઝોનમાં સયાજીપુરા ખાતે 2.06 કરોડના ખર્ચે નવું યોગ સેન્ટર તૈયાર કરવામાં આવશે. શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને કનેક્ટિવિટી વધારવા માટે અનેક રોડ પ્રોજેક્ટ્સ મંજૂર કરાયા છે. જેમાં જીજી માતા મંદિરથી એબીબી કંપની સુધીના રોડનું વાઈડનિંગ (6.58 કરોડ), મધુનગરથી છાણી સુધીનો ફૂટપાથ સાથેનો રસ્તો (8.82 કરોડ), અને તરસાલી જંક્શનથી હાઈવે સુધીનો રસ્તો (9.54 કરોડ) મુખ્ય છે. સૌથી મહત્વનું કામ રાયકા ફ્રેન્ચવેલથી એરપોર્ટ સર્કલ સુધી 107 કરોડના ખર્ચે નવી ટ્રાન્સમિશન લાઇન નાખવાનું છે.



#### વિશ્વામિત્રી નદીને પ્રદૂષણ મુક્ત કરવા પ્રયાસ

નદીમાં ભળતા દૂષિત પાણીને રોકવા માટે વિવિધ વોર્ડમાં નવી ડ્રેનેજ ગ્રેવિટી લાઇન નાખવાના કામોને અગ્રતા અપાઈ છે. ગોત્રી રોડ, માંજલપુર અને એલ.એન.ડી. સર્કલ પાસે નવા કામો થવાથી વિશ્વામિત્રીમાં જતું લાખો લિટર દૂષિત પાણી અટકશે.

#### ઐતિહાસિક નિર્ણય: વર્ષા તળાવનું થશે કાયાકલ્પ

વડોદરા શહેરની સુંદરતામાં વધારો કરવા માટે ફ્યુચરિસ્ટિક પ્લાનિંગ સેલ દ્વારા વર્ષા તળાવના નવીનીકરણના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. અંદાજે 5.63 કરોડના ખર્ચે આ તળાવનું બ્યુટીફિકેશન કરવામાં આવશે, જેનાથી સ્થાનિક રહીશોને ફરવા માટે એક ઉત્તમ ‘વોટર બોડી’ અને રિક્રિએશન સેન્ટર મળી રહેશે.